# માર્કેટમાં ગરમીમાં સ્કીનકેરની ખરીદીમાં ઉછાળો

## આયુર્વૈદિક પ્રોડક્ટ શહેરીજનો વધારે પસંદ કરી રહ્યા છે, એલોવેરા અને લીમડાની પ્રોડક્ટ ઓન ડિમાન્ડમાં

ગાંધીનગર, તા. ૧૮

ઉનાળાની સિઝનમાં પ્રદૂષણ અને ગરમી આ બંનેનો અનિવાર્ય છે. ગરમીના દિવસોમાં તાપમાન ગરમ હોવાના કારણે શરીરની ત્વચા ખૂબ તૈલિય બની જાય છે. આ તૈલીય ત્વચા પર પ્રદૂષણની અસર ખૂબ ઝડપી થાય છે. માટે આનાથી બચવા માટે સન સ્કીન લોશન ખરીદવામાં આવે છે. જેની ડિમાન્ડ વધવા પામી છે. ઉનાળાની ગરમીમાં સ્કીનને સૂર્યના કિરણોથી બચાવવી એ ખૂબ મહત્વની વાત છે. તડકામાં જતાં પહેલા લોશન લગાવવું અનિવાર્ય છે. મહિલાઓ ચંદન, ગુલાબજળ, એલોવેરા, લીમડા જેવા પદાર્થો ધરાવતું મોઈસ્ચુરાઈઝર વધારે પસંદ કરે છે. શહેરમાં કટલરીની દુકાનોમાં અને મોલમાં સનસ્કીનની ખરીદીમાં વધારો થયો છે. ઉનાળામાં ઘરની બહાર નીકળતા જ સૂર્યના કિરણો શરીર પર પડતા સ્કીન પર એલર્જી અને ચકામા પડી જતા હોય છે. વધારે સૂર્યપ્રકાશમાં રહેતા સ્કીન કલર ફેરફાર થઈ જાય છે. જેથી સ્કીનકેર માટે શહેરીજનોએ સ્કીન લોશનની ખરીદીમાં વધારો કર્યો છે. આ વર્ષે ઉનાળો શરૂઆતથી જ ગરમીના ઊંચા પારો સાથે ચાલ્યો છે. ત્યારે ગરમીથી ત્રસ્ત બની ગયેલા માણસો કામકાજથી નોકરી માટે અવશ્ય ઘરની બહાર નીકળે છે તેથી દુકાનોમાં સન સ્કીન સહિતના સ્કીન કેર પ્રોડક્ટના વેચાણમાં ધમધમાટ છે. માર્કેટમાં વિવિધ બ્રાન્ડની પ્રોડક્ટ ઉપલબ્ધ છે. નાગરિકોને અનુકૂળ આવતી પ્રોડક્ટનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અમુક લોકો ડૉક્ટરોની સલાહ પ્રમાણે સ્કીનકેરનો



ઉપયોગ કરવાનું હિતાવહ ગણી રહ્યા છે. તેથી ડૉક્ટરની સલાહ બાદ સ્કીનકેરની ખરીદી કરી રહ્યા છે. બોડી લોશન ત્વચાને મોઈશ્ચરાઈઝ કરવામાં મદદ કરે છે. ગરમીમાં શરીરમાં અનેક પ્રકારની બિમારીઓ પેદા થાય છે. જેનાથી રક્ષણ મેળવવા માટે શહેરીજનો સનસ્કીન લોશન ઉપરાંત કુદરતી ઉપચાર પણ અપનાવી રહ્યા છે. ઘરની બહાર નીકળતા શરીર સંપૂર્ણ ઢંકાય તેની સાવચેતી રાખવી અનિવાર્ય છે. આ વર્ષે ગરમી સૌથી વધારે હોવાથી વધારે પાણી અને સ્વાસ્થ્યવર્ધક ભોજન લેવું જોઈએ. માર્કેટમાં આયુર્વૈદિક પ્રોડક્ટની ડિમાન્ડ પણ દિવસે ને દિવસે વધી રહી છે. જેમાં લીમડામાંથી બનતી સ્કીનકેર પ્રોડક્ટનો ઉપયોગ વધવા પામ્યો છે. લીમડાનો શોપથી લઈ લીમડામાંથી બનતી સનસ્કીન ક્રીમ, સ્ક્રબ, ફેશવોશ વિગેરે માર્કેટમાં ડિમાન્ડમાં છે. કેમિકલવાળી બનાવટ કરતા શહેરીજનો આયુર્વૈદિક બનાવટને પ્રાધાન્ય આપી રહ્યા છે. એલોવેરાની પ્રોડક્ટ પણ વધારે ડિમાન્ડમાં ચાલી રહી છે.

# મંત્રી પ્રભાત ફેરીમાં સહભાગી બન્યા : મંત્રીના હસ્ત ગામના રૂપિયા ૮ લાખ વિકાસ કામોનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા. ૧૮

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ગામના સ્થાપના દિન નિમિત્તે ગામમાં પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનો સાથે પ્રભાત ફેરીમાં સહભાગી બનેલા પંચાયત મંત્રી બ્રિજેશ મેરજાના હસ્તે ગામમાં રૂપિયા ૮ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવેલા પેવર બ્લોક કામનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આત્મા ગામડાનો અને સુવિધા શહેરની તેવું દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઈચ્છી રહ્યા છે, તેવું કહી મંત્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાન, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની વિચારધારાને સાર્થક કરવા ગામના વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. ગામના વિકાસ માટે દેશના વડાપ્રધાને સમરસતા, ખેતતલવાડી, પ્રભાતફેરી, ગ્રામસભા, ગામ અને શાળાના સ્થાપના દિવસ જેવા વિવિધ દિવસોની ઉજવણી જેવા ૧૧ પટેલ, વિજયભાઈ બાબુભાઈ પટેલ, કાંતિભાઈ માધવભાઈ પટેલનું પ્રશસ્તિ પત્ર આપીને મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. ૨૫ ચંદ્રાલા ગામના પરિવારને પી.એમ.જે.એ.વાય. કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંત્રીએ આ પ્રસંગે જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા ગ્રામજનોને વિતરણ કરવામાં આવતાં વરિયાળીના જુશનો ટેસ્ટ કર્યો હતો. તેમજ આયુર્વેદ સ્ટોલની મુલાકાત લઈ પ્રકૃતિ





ચંદ્રાલા ગામના સ્થાપના દિન નિમિત્તે મંત્રીના હસ્તે કેક પણ કાપવામાં આવી હતી.

સર્વે ગ્રામજનોને ગામના સ્થાપના દિન નિમિત્તો અભિનંદન પાઠવી પંચાયતમંત્રી બ્રિજેશ મેરજાએ જણાવ્યું હતું કે ગામનો વિકાસ મુખ્યત્વે બે પેહલું પર રહેલ છે. એક પંચાયત અને બીજી સહકારી પ્રવૃત્તિઓ. જેમાં પંચાયત ગામ વિકાસની પ્રવૃત્તિઓ કરે છે. તો સહકારી પ્રવૃત્તિઓ થકી ખેડૂતોની ઉન્નતિ થાય છે. આયામો ગ્રામજનોને આપ્યા છે. મંત્રી બ્રિજેશ મેરજા અને મહાનુભાવોના હસ્તે ગાંધીનગર જિલ્લાના દશેલા, ચંદ્રાલા, બાપુપુરા, રખિયાલ અને છત્રાલ ગામના સરપંચોને સ્વચ્છ ગામ રહે તે માટે ઘન કચરાના નિકાલ માટે રૂપિયા ૩૦ લાખથી વધુની કિંમતના ટ્રેક્ટર-ટ્રોલી અને રીક્ષા-ડસ્ટબિન અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ ચંદ્રાલા ગામમાં પ્રાકૃતિક ખેતી કરનાર રામાભાઈ નાથાભાઈ પટેલ, પ્રહલાદભાઈ કેશાભાઈ પટેલ, જીતેન્દ્રકુમાર રમેશભાઈ પરીક્ષણ પણ કરાવ્યું હતું. તેની સાથે સાથે પ્રાકૃતિક ખેતીની ઉત્પાદનના સ્ટોલ અને પશુ સારવાર કેમ્પનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા, ગામના સરપંચ શિલ્પાબેન પટેલ, કેળવણી મંડળના ટ્રસ્ટી જોઈતાભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ અને જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મહાત્મા મંદિર ખાતે વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સનો શુભારંભ

## વડનગરના ભવ્ય ઇતિહાસ-સાંસ્કૃતિક વિરાસતને લેન્ડ માર્ક હેરિટેજ-ટુરિઝમ ડેસ્ટિનેશન બનાવવાનો નિર્ધાર : ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા. ૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના પ્રાચીન નગર વડનગરના ભવ્ય ઈતિહાસ અને સાંસ્કૃતિક વિરાસતને વિશ્વ સમક્ષ લેન્ડ માર્ક હેરિટેજ ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે પ્રસ્તુત કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી દેશમાં ઉજવાઇ રહેલા આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક બાબતોના મંત્રાલય, રાજ્ય સરકારના રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને સંગ્રહાલય નિયામકના સહયોગથી આયોજીત 'વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ'નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિરથી પ્રારંભ કરાવ્યો હતો.

વર્લ્ડ મ્યુઝિયમ-ડે, તા.૧૮મી મે થી ૨૦ મી મે ત્રણ દિવસ દરમ્યાન યોજાનારી આ કોન્ફરન્સના પ્રારંભ અવસરે કેન્દ્રીય રાજ્યમંત્રી મિનાક્ષી લેખી, રાજ્ય સરકારના યુવક સેવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના મંત્રી હર્ષ સંઘવી, ભૂટાન, ભારત, માલદીવ્સ અને શ્રીલંકાના ડાયરેકટર અને યુનેસ્કોના પ્રતિનિધિ એરિક ફાલ્ટ તેમજ વિશ્વના ૬ રાષ્ટ્રોના અને દેશના વિવિધ રાજ્યોના પૂરાતત્વવિદો, ઈતિહાસવિદો, જુદી જુદી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ઈતિહાસ તથા પુરાતત્વ રસિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ભારત સરકારના સાંસ્કૃતિક રાજ્ય મંત્રી મીનાક્ષી લેખીએ ગુજરાતમાં યોજાઈ રહેલી વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સને આવકારતાં જણાવ્યું કે નકારાત્મક અને નઠારાં પરિબળો સામે આશા અને હકારાત્મકતા સાથે ઝીંક ઝીલીને ટકી રહેવાની પ્રેરણા વડનગર સદીઓથી આપી રહ્યું છે. વધુમાં તેઓએ જણાવ્યું કે વડનગર એક પવિત્ર ધામ છે. વારાણસી જેટલો જ ભવ્ય ઈતિહાસ વડનગરનો છે. ક્લાઈમેટ ચેન્જની ઐતિહાસિક સ્મારકો પરની અસર અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે દ્વારકા જેવું ભવ્ય નગર અને સંસ્કૃતિ ડૂબી ગયા, એ ઈતિહાસ આપણા માટે બોધપાઠ રૂપ બનવો જોઈએ. વડનગરમાં બૌદ્ધ મઠ મળી આવ્યા છે, કુશીનગર, સારનાથ, ગયાની જેમ વડનગર પણ બુદ્ધિસ્ટ સર્કિટનો એક ભાગ છે.

વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ગુજરાત, ભારત અને વિવિધ દેશોમાંથી ભાગ લેવા આવેલા મહેમાનોને આવકારતાં યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે વડનગર જેવી અનેક પ્રાચીન-વિરાસતોએ ગુજરાતને ભારતમાં જ નહીં પણ ઐતિહાસિક-પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિક ઓળખ અપાવી છે. ગુજરાતમાં વર્તમાનમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની જેમ આગામી સમયમાં હજારો પ્રવાસીઓ ઐતિહાસિક નગર વડનગરની મુલાકાતે આવે તે પ્રકારે વિકાસ કરવામાં આવી રહ્યો છે. વડનગર શહેરના ભવ્ય વારસાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવા માટેની આ પ્રથમ ત્રિ-દિવસીય કોન્ફરન્સમાં કુલ ૬ સત્રમાં ભારત સહિત વિશ્વભરના પુરાતત્વ વિદો, તજજ્ઞો અને વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ શોધ-સંશોધન કરશે.

મુખ્ય સચિવ પંકજ કુમારે સ્વાગત પ્રવચન કરતા કહ્યું કે પુરાતત્વીય વારસો અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારના રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગ તથા કેન્દ્રીય સરકારનાં સહયોગથી વડનગર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે, ભારત આઝાદીના ૭૫ વર્ષને 'આઝાદી કા અમૃત મહોત્સવ' તરીકે ઉજવી રહ્યું છે જેના ભાગરૂપે આ ઉજવણી થઈ રહી છે. આ કાર્યક્રમમાં વડનગરના અગ્રણી સોમાભાઈ મોદી, રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના અગ્રસ ચિવ અશ્વિનીકુમાર, રાજ્યની વિવિધ યુનિવર્સિટી ઓના વ્યાખ્યાતાઓ, ગુજરાત રાજ્ય અભિલેખાગારના તથા કેન્દ્રીય પુરાતત્વ વિભાગના અધિકારીઓ, વડનગરવાસીઓ સહિત ઈતિહાસ ક્ષેત્રે અભિરુચિ ધરાવતા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટના વોરિયર્સની કાયમી ભરતીમાં ૨૫ ગ્રેસ માર્કસ આપવા માંગ

ગાંધીનગર, તા. ૧૭

વિધાનસભાની ચૂંટણી નજીક આવતા સરકાર દ્વારા ભરતીઓ બહાર પાડવામાં આવી રહી છે. ત્યારે તાજેતરમાં પંચાયત વિભાગ દ્વારા ફિમેલ હેલ્થ વર્કરની ૩૧૩૭ જગ્યાઓ માટે અને મલ્ટિ પર્પઝ હેલ્થ વર્કર ૧૮૫૬ જગ્યાઓ માટે ભરતી આવી છે ત્યારે આ ભરતી પ્રક્રિયા અન્વયે લેવાનાર પરીક્ષામાં આઉટસોર્સિંગથી ફરજ બજાવતા તેમજ એનએચએમ, બીઆરએસકે અને જીયુએચપી જેવી યોજનાઓમાં અગિયાર માસ કરારથી ફરજ બજાવતા કોરોના વોરિયર્સને ૨૫ ગ્રેસ માર્કસ આપવાની માંગ સાથે ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા મુખ્યમંત્રી અને પંચાયતમંત્રીને આવેદન આપવામાં આવ્યું હતું.

ગુજરાત જનતા જાગૃતિ મંચના પ્રમુખ રજનીકાંત ભારતીયે જણાવ્યુ છે કે લાંબા સમયથી ભરતી ન થવાથી મપહેવ અને ફિમેલ હેલ્થ વર્કરની ખાલી જગ્યાઓ ઉપર નજીવા વેતનમાં આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. એમાંય છેલ્લાં બે વર્ષથી કોરોનાના વાઈરસે કહેર વર્તાવ્યો છે એવા સમયમાં આ કર્મચારીઓએ કોરોના સંક્રમિત હોવાના ભય વચ્ચે પોતાના જીવને જોખમમાં મુકી ઘરે ઘરે સર્વે કરી શંકાસ્પદ કેસો શોધ્યા છે, આરટીપીસીઆર ટેસ્ટ કર્યા છે, જોખમી વિસ્તારોમાં જઈને કોરોના પોઝિટિવ લોકોને ક્વોરન્ટાઈન કર્યા છે, વેક્સીનેશનની ૧૦૦ ટકા કામગીરી કરી ગુજરાતને કોરોનામુક્ત કર્યુ છે. એના બદલામાં ગુજરાત સરકાર દ્વારા પુષ્પવર્ષા કરી, મીણબત્તીઓ પેટાવીને કે કોલરટ્યુન ચલાવી કે કોરોના વોરિયર્સનું બિરૂદ આપી નામ પુરતું સન્માન કરવામાં આવ્યું છે.

પરંતુ આ ભરતી પ્રક્રિયા બાદ કેટલાય આઉટસોર્સિંગ અને કોન્ટ્રાકટના કોરોના વોરિયર્સને નોકરીમાંથી રાતોરાત છુટા કરી દેવામાં આવશે હાલમાં પંજાબ સરકાર દ્વારા ૩૫૦૦૦ જેટલા આઉટસોર્સિંગ કર્મચારીઓને કાયમી કર્યા છે. પરંતુ વર્ષોથી આઉટસોર્સ એજન્સીઓ વાળા વચેટિયાઓના ભ્રષ્ટ્રાચારને પ્રોત્સાહન આપતી કહેવાતી સંવેદનશીલ સરકાર આ બાબતે વિચારતી પણ નથી ત્યારે કોરોના વોરિયર્સમાં હતાશા ઉભી ન થાય એ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જેમ કોન્ટ્રાક્ટ અને આઉસોર્સિંગના કોરોના વોરિયર્સને કાયમી ભરતીનું પરીક્ષામાં ૨૫ ગ્રેસ માર્કસ આપી સમ્માનિત કરવાની રજુઆત મુખ્યમંત્રીને કરવામાં આવી હતી.

# શહેરમાં વધી રહેલું ગેરકાયદેસર ઝુંપડપટ્ટીનું દૂષણ..!!

## વસાહત નજીકની ખુલ્લી જગ્યાઓમાં ઉભી થઇ રહેલી ઝુંપડપટ્ટીથી નાગરિકો પરેશાન : જાહેરમાં શૌચ ક્રિયાઓ અને અસમાજિક તત્વો સહિતના દૂષણોમાં વધારો : સત્વરે દૂષણ પર નિયંત્રણ સાધવું જરૂરી





ગાંધીનગર, તા.૧૮

પાટનગરના વિકાસની સાથે સાથે વિવિધ દૂષણો પણ વધી રહ્યાં છે જેમાં શહેરના સેક્ટરોમાં ખાસ કરીને હવે નવા સેક્ટરોમાં દિન-પ્રતિદિન વધી રહેલી ઝુંપડપટ્ટીથી નાગરિકો પરેશાન થઈ રહ્યાં છે. ઝૂપડપટ્ટી વિસ્તારમાં રાત્રીના સમયે દારૂ પીને તોફાન કરવા મોટા અવાજે અસભ્ય ભાષામાં ઝઘડા, કજિયા-કંકાસ કરવા, અંદરોઅંદર મારઝૂડ કરવી જેવા દૂષણો વધી રહ્યાં છે તે ઉપરાંત સેક્ટરમાં ઘરના કમ્પાઉન્ડમાં પડેલી ચીજવસ્તુઓની ઉઠાંતરી સહિત નાની-મોટી ચોરી-ચકારીની સમસ્યા વધતી જાય છે જેના પર વહીવટીતંત્રએ સત્વરે અંકુશ મુકવો જરૂરી બનતું જાય છે. આ દૂષણ શહેરના સે.૫માં બગીચા સામે, સે.૩ ન્યુમાં ઘ-૦ પાસેની વનરાજીમાં, સે.૪માં મધ્યમાં ખુલ્લાં પ્લોટમાં, સે.૬માં બગીચાની બાજુમાં તેમજ સત્યાગ્રહ છાવણી નજીક, સે.૭માં ભારતમાતાના મંદિર પાસે અને અરિહંત સામેના વિસ્તારમાં, સે.૧૩માં બંધ પડેલા સરકારી આવાસો નજીક સહિત વિવિધ સ્થળોએ વધી રહ્યું છે.

શહેરના કેટલાંક સેક્ટરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી સેક્ટરને ફરતે સુરક્ષા દીવાલ બનાવવામાં આવી છે, જેના કારણે જે તે સેક્ટરના રહીશોમાં આનંદની લાગણી તો છે પરંતુ આ કમ્પાઉન્ડ વોલની ઓથે આસપાસના વનરાજી વાળા વિસ્તારમાં ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીઓ સ્વરૂપે દબાણ વધી રહ્યું છે. આ ઝૂંપડાવાસીઓ દ્વારા પાણી ભરવા માટે અથવા અન્ય કરણોસર અવારનવાર કમ્પાઉન્ડ વોલને બાકોરા પાડીને સેક્ટર વિસ્તારમાં ઘુસી જવાની ઘટનાઓ સર્જાતી રહે છે જેના કારણે વસાહતીઓની સુરક્ષા પર સવાલ ખડાં થઈ રહ્યા છે. આ સાથે ઝૂપડપટ્ટી વિસ્તારમાં જાહેરમાં શૌચક્રિયાઓ કરવી, ઉઘાડા શરીરે ખુલ્લામાં સ્નાન કરવું, બળતણ માટે આસપાસના વૃક્ષો કાપવાં, રાત્રીના સમયે દારૂ પીને તોફાન કરવા મોટા અવાજે અસભ્ય ભાષામાં ઝઘડા, કજિયા-કંકાસ કરવા, અંદરોઅંદર મારઝૂડ કરવી જેવા દુષણો વધી રહ્યાં છે જેની વસાહતીઓના બાળકો પર વિપરીત અસરો થઈ શકે છે. આ બાબતે સેકટરના અગ્રણીઓ દ્વારા વારંવાર સ્થાનિક વહિવટી તંત્રને પણ અનેકવાર જાણ કરવામાં આવે છે. સત્વરે જવાબદાર તંત્ર દ્વારા કડક હાથે પગલા ભરવામાં આવે અને શહેરમાં વધી રહેલી ગેરકાયદેસર ઝૂંપડપટ્ટી પર અંકુશ આવે તેવી આ વિસ્તારના વસાહતીઓનાં માંગ પ્રવર્તી રહી છે.

### ગેરકાયદેસર રીતે રોકેલી જગ્યાઓને ભાડે આપવાના ગોરખધંધા

શહેરમાં ઝુંપડપટ્ટીમાં વધારા પાછળ ગેરકાયદેસર રીતે દબાણ કરેલી જગ્યાઓનો શહેરમાં મજૂરીએ આવતાં શ્રમિક પરિવારોને ભાડે આપવાનો ગોરખધંધો પણ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. શહેરમાં કેટલાંક તત્વો દ્વારા સેક્ટરોમાં રેકી કરીને ખુલ્લી જગ્યાં શોધી તેના પર ચાર-પાંચ દિવસ કોઈ લારી મુકી રાખીને કે જગ્યાને સાફસુફ કરીને ખાટલાં મુકીને પછી નાની ઝુંપડી બાંધીને સરકારી જગ્યાં રોકી તેને નવા આવતાં શ્રમિક પરિવારને ગેરકાયદેસર રીતે ભાડે આપવાના ગોરખધંધા પણ શહેરમાં ચાલી રહ્યાં છે જેના પર વહીવટીતંત્રએ સત્વરે અંકુશ મુકવો જરૂરી બનતું જાય છે.